**વંચાણે લીધા :**

**૧.** ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૨૮/૨/૨૦૨૨ ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તથા

**૨.** પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર નાઓના તા.૨૮/૨/૨૦૨૨ ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ નંબર : વિ.શા./એ-એક્શન/જાહેરનામું/૨૪/૨૦૨૨ તથા

**૩.** પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪/૨૦૨૨, તા.૮/૧/૨૦૨૨ તથા

**૪.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૬/૨૦૨૨, તા.૧૧/૨/૨૦૨૨ તથા

**૫. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨** તથા

**૬.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૮/૨૦૨૩, તા.૨/૩/૨૦૨૩ અન્વયે.

## જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૮/૨૦૨૩, તા.૨૦/૦૪/૨૦૨૩

હું, સંજય શ્રીવાસ્તવ **IPS**, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ ની સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નીચે જણાવ્યા મુજબની વિગતેના વાહનો કાયમી ધોરણે પ્રવેશી શકે તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં પ્રવેશ કરતા પેસેન્જર વાહનો/મિની બસ કે જેની સીટીંગ કેપીસીટી કૂલ-૩૩ સુધીની હોય તેવી ક્ષમતાવાળા **ફક્ત પેસેન્જર વાહનો** (આ બાબતની નોંધ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ બુકમાં જણાવેલ હોય છે) શહેરની અંદર **રાત્રી કલાક ૨૨.૦૦ બાદ** પ્રવેશ કરી શકશે.

તેમજ ૩૩-પેસેન્જરથી વધુ ક્ષમતાવાળા તમામ પ્રકારના પેસેન્જર વાહનોની શહેરમાં અવર-જવર કરવા ઉપર સવાર કલાક **૮.૦૦ થી ૨૨.૦૦** દરમિયાન પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૨૨/૦૪/૨૦૨૩ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી** કરવાનો રહેશે.

**બાકીની તમામ વિગતો અને હુકમ આમુખ (૫) પ્રસિદ્ધ કરેલ જાહેરનામા મુજબ યથાવત રાખવામાં આવે છે.**

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો

ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦/૦૪/૨૦૨૩ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૧૦/૦૪/૨૦૨૩
અમદાવાદ શહેર

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઇમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.